# ધી ગણદેવી પીપલ્સ કો. ઓ. બેંક લીમીટેડ ગણદેવી

સને ૨૦૧૨-૨૦૧૩

**૬૨ મો**

વાર્ષિક અહેવાલ
અને હિસાબ

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી. ગણદેવી

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ



પ્રમુખશ્રી
જશ્મીનભાઇ જે. દેસાઇ



ઉપપ્રમુખશ્રી
ગોપાળભાઇ એમ. ગોહિલ



સેક્રેટરીશ્રી
શૈલેષભાઈ એલ. શાહ



ડીરેક્ટરશ્રી
ગુલાબભાઇ બી. પટેલ



ડીરેક્ટરશ્રી
મનહરલાલ ડી. શાહ



ડીરેક્ટરશ્રી
જ્યોતિબેન એ. દેસાઇ



ડીરેક્ટરશ્રી
પરેશભાઇ ડી. અધ્વર્યુ



ડીરેક્ટરશ્રી
નિલેશકુમાર એસ. વૈદ્ય



ડીરેક્ટરશ્રી
મનીષભાઈ એચ. દેસાઈ



ડીરેક્ટરશ્રી
નરેશચંદ્ર પી. નેમાણી



ડીરેક્ટરશ્રી
પ્રજ્ઞેશભાઇ આર. પટેલ



ડીરેક્ટરશ્રી
દિનેશચંદ્ર ડી. ગોહીલ



પ્રોફેશનલ ડીરેક્ટરશ્રી
ભુપેન્દ્રભાઈ ઉપાધ્યાય



પ્રોફેશનલ ડીરેક્ટરશ્રી
રમેશભાઈ ચૌહાણ (C.A.)

### મુખ્ય ઓફીસ :

સ્ટાન્ડર્ડન હાઉસ - પોસ્ટ બોક્ષ નં. ૧૦, બજાર, ગણદેવી - ૩૯૬ ૩૬૦
ડી. નવસારી, ગુજરાત. ફોન : (૦૨૬૩૪) ૨૬૨૩૩૮, ૨૬૩૪૩૬
ફેક્ષ નં. (૦૨૬૩૪) ૨૬૩૪૩૬ E-mail:gpcbank@ymail.com

### શાખા :

**ચીખલી :**

દેસાઈવાડ, ચીખલી - ૩૯૬ ૫૨૧. ફોન : (૦૨૬૩૪) ૨૩૪૧૯૦

**બીલીમોરા :**

મહાદેવનગર, બીલીમોરા - ૩૯૬ ૩૨૧. ફોન : (૦૨૬૩૪) ૨૮૧૮૧૩

**ઓડીટ વર્ષ : ૨૦૧૨-૨૦૧૩**

**નોંધણી નંબર**

વડોદરા રજી.નં. : ૧૩૭૪૧૦/૧
મુંબઈ પ્રાંતના નં. : ૧૬૬૫૮/૭૨
નોંધણી તારીખ : ૭-૭-૫૧
રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા
લાયસન્સ નંબર :
UBD GUJ. ૧૪૩૭ Pta. ૮-૭-૧૯૯૭

### બેંકર્સ

ધી વલસાડ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લી., વલસાડ.
ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંક લી., અમદાવાદ.
એચ.ડી.એફ.સી. બેંક, સુરત.
આઈ.ડી.બી.આઈ. બેંક, નવસારી.
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ગણદેવી.

## વાર્ષિક અહેવાલ સને ૨૦૧૨-૨૦૧૩

## તા. ૧-૪-૨૦૧૨ થી તા. ૩૧-૩-૨૦૧૩ સુધીની
## બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગનું હાજરી પત્રક

| ક્રમ | નામ | હોદ્દો | કુલ મીટીંગ | કુલ હાજરી |
|---|---|---|---|---|
| ૧. | શ્રી જસ્મીનભાઈ જયંતિભાઈ દેસાઈ | પ્રમુખ | ૧૦ | ૧૦ |
| ૨. | શ્રી ગોપાળભાઈ મોહનભાઈ ગોહિલ | ઉપપ્રમુખ | ૧૨ | ૧૨ |
| ૩. | શ્રી શૈલેષભાઈ લક્ષ્મીચંદ શાહ | સેક્રેટરી | ૧૨ | ૧૧ |
| ૪. | શ્રી મનહરલાલ ડાહ્યાલાલ શાહ | ડીરેક્ટર | ૧૨ | ૭ |
| ૫. | શ્રી ગુલાબભાઈ ભગુભાઈ પટેલ | ડીરેક્ટર | ૧૨ | ૧૨ |
| ૬. | શ્રી જ્યોતિબેન અક્ષયભાઈ દેસાઈ | ડીરેક્ટર | ૧૨ | ૯ |
| ૭. | શ્રી પરેશભાઈ ધીરૂભાઈ અધ્વર્યુ | ડીરેક્ટર | ૧૦ | ૧૦ |
| ૮. | શ્રી નિલેશકુમાર શરદચંદ્ર વૈદ્ય | ડીરેક્ટર | ૧૦ | ૧૦ |
| ૯. | શ્રી વિનોદચંદ્ર રંગીલદાસ માલી | ડીરેક્ટર | ૧ | ૧ |
| ૧૦. | શ્રી મનીષભાઈ હર્ષદરાય દેસાઈ | ડીરેક્ટર | ૧૦ | ૯ |
| ૧૧. | શ્રી નરેશચંદ્ર પરસોત્તમદાસ નેમાણી | ડીરેક્ટર | ૧૦ | ૧૦ |
| ૧૨. | શ્રી પ્રજ્ઞેશભાઈ રામજીભાઈ પટેલ | ડીરેક્ટર | ૧૦ | ૯ |
| ૧૩. | શ્રી દિનેશચંદ્ર ધીરૂભાઈ ગોહીલ | ડીરેક્ટર | ૧૦ | ૮ |
| ૧૪. | શ્રી ભુપેન્દ્રભાઈ નાથુભાઈ ઉપાધ્યાય | ડીરેક્ટર | ૧૧ | ૧૧ |
| ૧૫. | શ્રી રમેશભાઈ નાથાલાલ ચૌહાણ | ડીરેક્ટર | ૧૧ | ૧૦ |
| ૧૬. | શ્રી કિશોરભાઈ ઠાકોરભાઈ પટેલ | ડીરેક્ટર | ૨ | ૨ |
| ૧૭. | શ્રી નરેન્દ્રભાઈ મણીલાલ દેસાઈ | ડીરેક્ટર | ૨ | ૨ |
| ૧૮. | શ્રી ગૌરાંગભાઈ નરેન્દ્રભાઈ જોષી | ડીરેક્ટર | ૨ | - |
| ૧૯. | શ્રી રણછોડભાઈ ભંગીયાભાઈ પટેલ | ડીરેક્ટર | ૨ | ૨ |
| ૨૦. | શ્રી સમિતભાઈ દિનેશભાઈ દેસાઈ | ડીરેક્ટર | ૨ | ૨ |
| ૨૧. | શ્રી રાકેશકુમાર પ્રફુલચંદ્ર શાહ | ડીરેક્ટર | ૨ | ૨ |

નોંધ :(૧) ક્રમાંક નં. ૨, ૩ અને ૧૮ તા. ૧૭-૬-૨૦૧૨ સુધી અનુક્રમે પ્રમુખ-ઉપપ્રમુખ-સેક્રેટરી તરીકે હતા.

| | | | ઓફિસ નં | ઘર નં. |
|---|---|---|---|---|
| પ્રમુખ : | : | શ્રી જસ્મીનભાઈ જયંતિભાઈ દેસાઈ | ૯૨૨૮૦ ૦૬૪૯૧ | ૨૮૧૫૯૦ |
| ઉપપ્રમુખ | : | શ્રી ગોપાળભાઈ મોહનભાઈ ગોહિલ | ૨૬૩૫૯૬ | ૨૬૨૪૯૬ |
| સેક્રેટરી | : | શ્રી શૈલેષભાઈ લક્ષ્મીચંદ શાહ | ૨૬૨૨૭૫ | ૯૪૨૮૦ ૨૦૬૩૮ |
| જનરલ મેનેજર | : | શ્રી હેમાંશુભાઈ બાલકૃષ્ણ વૈદ્ય | ૨૬૨૩૩૮<br>૨૬૩૪૩૬ | ૨૮૫૩૯૬ |

## શાખ કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી ગુલાબભાઈ બી. પટેલ |
| ૫. શ્રી દિનેશચંદ્ર ડી. ગોહીલ | ૬. શ્રી હેમંતભાઈ એચ. ચૌહાણ |
| ૭. શ્રી આશિષભાઈ જી. દેસાઈ | |

## ઓવરડ્રાફટ રીન્યુઅલ કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી મનહરલાલ ડી. શાહ |
| ૫. શ્રી નરેશચંદ્ર પી. નેમાણી | |

## મશીનરી વેલ્યુએશન કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ | ૨. શ્રી શૈલેષભાઈ એલ. શાહ |
| ૩. શ્રી પરેશભાઈ ડી. અધ્વર્યુ | ૪. શ્રી જ્યોતિબેન એ. દેસાઈ |
| ૫. શ્રી નિલેશકુમાર એસ. વૈદ્ય | ૬. શ્રી પ્રજ્ઞેશભાઈ આર. પટેલ |
| ૭. શ્રી મનીષભાઈ એચ. દેસાઈ | |

## મહેકમ કમિટિ

| | |
|---|---|
| ૧. શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. શ્રી નિલેશકુમાર એસ. વૈદ્ય |
| ૫. શ્રી નરેશચંદ્ર પી. નેમાણી | |

## રીકવરી કમિટિ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. | શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. | શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. | શ્રી મનીષભાઈ એચ. દેસાઈ |
| ૫. | શ્રી નરેશચંદ્ર પી. નેમાણી | ૬. | શ્રી દિનેશચંદ્ર ડી. ગોહીલ |

## ઓડીટ કમિટિ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. | શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. | શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. | શ્રી પરેશભાઈ ડી. અધ્વર્યુ |
| ૫. | શ્રી રમેશભાઈ એન. ચૌહાણ | | |

## ઈન્વેસ્ટમેન્ટ કમિટિ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. | શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ |
| ૩. | શ્રી શૈલેષભાઈ એલ. શાહ | ૪. | શ્રી ગુલાબભાઈ બી. પટેલ |
| ૫. | શ્રી પરેશભાઈ ડી. અધ્વર્યુ | ૬. | શ્રી ભુપેન્દ્રભાઈ એન. ઉપાધ્યાય |

## બીલીમોરા શાખા સલાહકાર કમિટિ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી જસ્મીનભાઈ જે. દેસાઈ | ૨. | શ્રી શૈલેષભાઈ એલ. શાહ |
| ૩. | શ્રી મનીષભાઈ એચ. દેસાઈ | ૪. | શ્રી ગૌરાંગભાઈ એન. જોષી |
| ૫. | શ્રી મનીષભાઈ કે. દેસાઈ | ૬. | શ્રી પ્રથમેશ એચ. વશી |

## ચીખલી શાખા સલાહકાર કમિટિ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ગોપાળભાઈ એમ. ગોહિલ | ૨. | શ્રી મનહરલાલ ડી. શાહ |
| ૩. | શ્રી નિલેશકુમાર એસ. વૈદ્ય | ૪. | શ્રી રાકેશકુમાર પી. શાહ |
| ૫. | શ્રી રાગેશ એલ. દવે | ૬. | શ્રી શૈલેષભાઈ બી. પટેલ |

# વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના સર્વે સભાસદોને ખબર આપવામાં આવે છે કે બેંકની **૬૨** મી વાર્ષિક સાધારણ સભા તા. **૧૮-૮-૨૦૧૩** ના **રવિવાર**ના રોજ સવારે **૯-૩૦** કલાકે **કોળી સમાજની વાડી, ગાયત્રી મંદિરની બાજુમાં, ગણદેવી,** નીચે જણાવેલ કામો માટે મળશે. તો તેમાં સમયસર પધારવા વિનંતી છે.

## એજન્ડા

૧. તા. ૧૭-૬-૨૦૧૨ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવા બાબત.

૨. ડીરેકટરોની બોર્ડ પાસેથી સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષનો કામકાજનો અહેવાલ તથા સરવૈયુ અને નફા-નુકસાનનો હિસાબ મંજુર કરવા બાબત.

૩. સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી મંજુર કરવા બાબત.

૪. સને ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ માટેનો ઈન્ટરનલ ઓડિટ રીપોર્ટની નોંધ લેવા બાબત.

૫. સને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ માટે પેટા નિયમો ૩૬ (ક) મુજબ ચીખલી, બીલીમોરા શાખાઓની સલાહકાર સમિતિ પાંચ પાંચ સભ્યોની નિમણૂંક કરવા બોર્ડને કમિટિ રચવાની સત્તા આપવા બાબત.

૬. પેટા નિયમ (૮) અનુસાર ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ માટે વધારેમાં વધારે જે હદ સુધી ડીરેકટરોની બોર્ડ ભંડોળ એકઠું કરી શકે તે મુકર્રર કરવા બાબત.

૭. સને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ માટે બેંકના હિસાબો તપાસવા માટે ઓડિટરની નિમણૂંક કરવા બાબત.

૮. ડીરેકટરોની બોર્ડે બેંકના પેટા નિયમોમાં પરિશિષ્ટ મુજબ સુધારા વધારા સૂચવ્યા છે તે મંજૂર કરવા બાબત.

૯. પ્રમુખશ્રીની મંજુરીથી બીજા જે કામો રજુ થાય તે બાબત.

તા. ૩-૮-૨૦૧૩
સ્થળ : ગણદેવી

બોર્ડ ઓફ ડીરેકટરના આદેશથી
હેમાંશુભાઈ બાલકૃષ્ણ વૈદ્ય
જનરલ મેનેજર

# નોંધ

૧. જે સભાસદોને સરવૈયા તથા નફાતોટાનાં હિસાબ અંગે માહિતી જોઈતી હોય અગર પૂછપરછ કરવી હોય તેમણે તા. ૧૦-૮-૨૦૧૩ સુધીમાં જનરલ મેનેજરશ્રીને લેખિત માંગણી આપવા વિનંતી છે.

૨. તા. ૩૧-૩-૨૦૧૩ ના રોજ બેંકના રજીસ્ટરનાં જે સભાસદ હશે તેને વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવાનો અને મત આપવાનો હક છે.

૩. બેંકના પેટા નિયમ અનુસાર જે સભાસદોને વાર્ષિક અહેવાલ તથા સરવૈયા અને નફાતોટા પત્રકની નકલ જોઈતી હોય તેઓએ બેંકના કામકાજ દરમ્યાન રૂબરૂ આવી માંગણી કર્યેથી આપવામાં આવશે.

૪. મુકર્રર કરવામાં આવેલ સમયે જો કાર્યસાધક સંખ્યા ન હશે તો પણ અડધો કલાક પછી સભાનું કામકાજ ચાલશે અને તે કાયદેસર ગણાશે.

૫. બેંક તરફથી આપવામાં આવેલ ઓળખકાર્ડ સભામાં સાથે લાવવો ફરજીયાત છે.

૬. બેંકની શેર ટ્રાન્સફર બુક તા. ૩-૮-૨૦૧૩ થી ૧૮-૮-૨૦૧૩ સુધી બંધ રહેશે.

૭. જે સભાસદોએ હજુ સુધી પોતાના વારસદારોની નિમણૂંક બેંકના દફતરે નોંધાવી ન હોય તેઓએ તે અંગેના ફોર્મ બેંકમાંથી મેળવી વારસાઈની નિમણૂંક કરી દેવા વિનંતી છે.

૮. જે સભાસદોએ સરનામું ફેરફાર થવા અંગે બેંકને જાણ કરી ન હોય તેમણે બેંકમાં રૂબરૂ સંપર્ક કરી લેખિત જાણ કરી સરનામું ફેરફાર કરાવી લેવા વિનંતી છે.

૯. બેંકના રૂા. ૨૫/- ના શેર ધારણ કરનાર માનવંતા સભાસદોને તફાવતની રકમ ભરી પોતાના શેર રૂા. ૧૦૦/- ના ગુણાંકમાં કરાવી લેવા વિનંતી છે.

## ૧૦. KYC ના નિયમોનું પાલન કરવા બાબત.

''તમારા ગ્રાહકોને જાણો'' (Know Your Customers) KYC ના નિર્દેશોનું પાલન કરવું અનિવાર્ય છે. આ સંબંધે બેંકના તમામ સેવિંગ્સ ખાતા, કરન્ટ ખાતા તેમજ લોકર્સ ધારકોને નમ્ર વિનંતી કે જેમણે પણ KYC નોર્મસની પુર્તતા ન કરી હોય તેમણે તાત્કાલીક ધોરણે KYC નોર્મસની પુર્તતા કરવી વિનંતી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશ અનુસાર KYC નિયમનું પાલન ન કરનારના ખાતા ગ્રાહકોના જોખમે અને જવાબદારીએ સ્થગિત કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

## KYC માટે જરૂરી પુરાવાઓ

૧. તાજેતરમાં પડાવેલા ફોટા
૨. પાનકાર્ડની ઝેરોક્ષ
૩. સરનામાનો પુરાવો
૪. આઈડેન્ટીટી પ્રુફ જેવાકે ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ, મતદાર ઓળખપત્ર યા અન્ય ઉપલબ્ધ પુરાવાઓ
૫. કરન્ટ ખાતાઓમાં ધંધા વ્યવસાયનો પુરાવો વિગેરે સંયુક્ત ખાતેદારો - ભાગીદારો - ડિરેકટરો - પ્રોપાયટર તમામના અલગ પુરાવાઓ રજુ કરવાના રહેશે.

# પ્રમુખશ્રીનું નિવેદન

## વિશ્વાસનું બીજું નામ એટલે
## 'ધી ગણદેવી પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી.'

માનવંતા સભાસદ ભાઈઓ અને બહેનો,

સહકારી માળખામાં રહી બેંકીંગ કામકાજ કરી આપણી બેંક સુદ્રઢ અને નક્કર પ્રગતિ કરી રહી છે. ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ ૨૦૧૩ ની કલમ ૮૪ મુજબ હિસાબોનું ઓડીટ સરકારે માન્ય કરેલ પેનલમાંના ઓડિટર દ્વારા કરાવવાનું હોય અને પેનલ બનાવવાની કામગીરી ચાલુ હોય સંયુક્ત રજીસ્ટાર શ્રી (ઓડિટ) સહકારી મંડળીઓ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્રક્રમાંક અષણ/૨૪૬૦/જ-૪/૧૪૬/૧૩ તા. ૭-૫-૨૦૧૩ ના પત્રથી જણાવેલ છે. તે પત્રના અનુસંધાને સમય મર્યાદાને ધ્યાનમાં રાખી તા. ૧૭-૬-૨૦૧૨ ની ગત જનરલ સભાના એજન્ડા નં. ૮ ના અનુસંધાને બોર્ડ ઓફ ડીરેકટર્સને આપવામાં આવેલ સત્તાના સંદર્ભે બેંકના ઈન્ટરનલ ઓડીટરશ્રી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી કલ્પેશભાઈ બી. કાપડીયા નવસારીના ઓડિટ રીપોર્ટને આધિન તા. ૩૧-૩-૨૦૧૩ નાં રોજ પુરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતુ ત્થા પાકુ સરવૈયુ તેમજ કામકાજનું સંક્ષિપ્ત વૃતાંત બોર્ડ ઓફ ડિરેકટર્સ વતી આપ સૌ સમક્ષ રજુ કરતા ગૌરવની લાગણી અનુભવું છું.

## ગ્રાહક સેવા અને ગ્રાહક સભાને પ્રાધાન્ય

બેંક તેની સ્થાપનાના ૬૨ વર્ષ પુરા કરી ૬૩ માં વર્ષમાં મંગળપ્રવેશ કરી રહી છે, ત્યારે ગ્રાહકોને વધુ સારી સેવા માટે બેંકે શાખાઓના મકાનો અદ્યતન વિશાળ જગ્યાઓવાળા અને વાતાનુકુલીન બનાવ્યા છે. બદલાયેલા સંજોગોમાં ગ્રાહકોને અપાતી તમામ સેવાઓ સરળ અને ઝડપી બનાવવા માટે ત્થા અન્ય બેંકો સમકક્ષ રહેવા અને ગ્રાહક સેવાને ખૂબજ પ્રાધાન્ય આપવાના હેતુથી આધુનિક ટેકનોલોજી સ્વીકારવાની દિશામાં આગળ વધી રહી છે. ત્થા બેંકની સુરક્ષાને ધ્યાનમાં રાખી બેંકની તમામ બ્રાંચોમાં CCTV કેમેરા અને ઈમરજન્સી એલાર્મની સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવેલી છે. બેંકના વરિષ્ઠ નાગરિકોને અપાતી સેવાઓને પ્રાધાન્ય આપે છે. ત્થા તેને શક્ય તેટલી સારી સેવા આપવા પ્રયત્ન કરે છે. આપણી બેંક પણ અન્ય બેંકની સમકક્ષ સેવાઓ પ્રદાન કરવા માટે વિન્ડો બેઝ સોફ્ટવેર પ્રોગ્રામ કાર્યરત કર્યા બાદ વધુ સારી અને ઝડપી ગ્રાહક સેવાના ભાગરૂપે બધી શાખાઓનું કામ કોર બેંકીંગ સિસ્ટમ (CBS) હેઠળ બધી બ્રાન્ચોને આવરી લીધેલ છે, અને બેંકની દરેક બ્રાંચમાં CBS હેઠળ લેવડ-દેવડ થઈ શકે છે. આ ઉપરાંત RTGS અને NEFT સવલતો પણ ચાલુ છે. આ સેવાઓનો લાભ લેવા માનવંતા ગ્રાહકોને અપીલ કરું છું.

વધુમાં ગ્રાહક સેવાને વધુ પ્રાધાન્ય આપી ગ્રાહક સેવામાં વધારો કરવા માટે દરેક ખાતામાં થતા વ્યવહારોની SMS દ્વારા દરેક ગ્રાહકને જાણકારી આપવી, અને બેંકની દરેક શાખામાં ATM લગાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

RBI નાં નિર્દેશન અનુસાર આપણી બેંકના તમામ કર્મચારીગણ તથા દૈનિક બચત યોજનાના તમામ એજન્ટોને KYC (Know Your Costumer) તથા Anti Money Londering (AML) ની ટ્રેનીંગ NICM ગાંધીનગરના અધિકારી દ્વારા આપવામાં આવેલ છે.

બેંક તરફથી ગુજરાત અર્બન કો. બેંક ફેડરેશન અમદાવાદના સહયોગથી સભાસદોના બાળકોને (K.G. to P.G. સુધી) વગર વ્યાજની કોમ્પ્યુટર માટેની લોનની સુવિધા મર્યાદિત સમય માટે આપવાનું ચાલુ કરેલ છે. આ યોજનાનો લાભ લેવા માટે તમામ સભાસદોને આ તબક્કે હું વિનંતી કરું છું.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની માર્ગદર્શિકા મુજબ બેંકે પોતાની ''નિયમિત આવક ઉપરાંત અન્ય આવકો વધારવી જોઈએ'' તેવું નિર્દેશન આપવામાં આવેલ તેના અનુસંધાને બેંક દ્વારા બેંકના સભાસદો અને ગ્રાહકોને વધુ સેવા આપી શકાય તે માટે કોટક લાઈફ ઈન્સ્યોરન્સ સાથે વિમાક્ષેત્રે સહવ્યાપાર માટે જોડાણ કરેલ છે, તો તેનો લાભ લેવા તમામ સભાસદો અને ગ્રાહકોને નમ્ર અરજ છે આ પ્રયાસ દ્વારા બેંકની નફાકારકતા વધારી શકીશું એવો આશાવાદ છે. અન્ય આવક વધારી શકવામાં સફળ થઈએ તો આપણા સભાસદોને લોનના વ્યાજના દરમાં પણ રાહત આપવા માટે પ્રયત્ન કરી શકાય.

ગ્રાહક સેવા વધારવાના ઉદ્દેશથી અને અન્ય આવક વધારવાના શુભાશયથી સભાસદોની માંગને ધ્યાનમાં રાખીને બેંકની મુખ્ય શાખા ગણદેવી તથા બીલીમોરા શાખામાં નવા લોકર્સની વધારાની સુવિધા ઉભી કરેલ છે, જેનો લાભ લેવા આપ સભાસદોને નમ્ર અરજ છે.

## આપણું ગૌરવ

બેંકની સામાજીક સેવાને તથા બેંકની ઉત્તરોત્તર પ્રગતિને ધ્યાનમાં રાખી ઈન્ટેલેકચ્યુઅલ પીપલ એન્ડ ઈકોનોમીક ગ્રોથ એસોસીએશન, દિલ્હી દ્વારા મધર ટેરેસા શિરોમણી એવોર્ડ સને ૨૦૧૨-૧૩ માટે તે કાર્યકાળ દરમ્યાનનાં ચેરમેન શ્રી ગોપાળભાઈ ગોહીલને અર્જુન એવોર્ડ વિજેતા શ્રીમાન જશપાલ રાણાના હસ્તે દિલ્હી મુકામે આપવામાં આવેલ હતો.

## બેંકના વ્યવહારો અને પારદર્શક વહીવટ

આપણી બેંકના વિકાસમાં પારદર્શક વહીવટનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. બેંક સંપુર્ણપણે પારદર્શક વહીવટનો આગ્રહ રાખે છે. બેંકના ગ્રાહકો પાસે કોઈપણ છુપા કે ઈનબીલ્ટ ચાર્જીસ લેવામાં આવતા નથી. બેંક દ્વારા લેવાતા સેવાકીય ચાર્જીસ પણ ખૂબજ માપસરના છે. ગ્રાહક સેવા અંગેની ફરિયાદનો અભ્યાસ કરી સંતોષકારક ખુલાસાઓ આપવામાં આવે છે. બેંક ગ્રાહક સેવાને પારદર્શક બનાવવામાં ગ્રાહકોના સૂચનોને આવકારે છે. આથી આપણી બેંકના ગ્રાહકવર્ગમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. બેંક ગ્રાહકોને અસરકર્તા તમામ નિર્ણયો લેવામાં ગ્રાહકોનો અભિપ્રાય અને સૂચનો મેળવી તેમના હિતોને પણ હંમેશા ખ્યાલ રાખે છે.

# આંકડાકીય માહિતી અને વિશ્લેષણ

## શેર ભંડોળ અને સભાસદની સંખ્યા

શેર મૂડીએ બેંકના સ્વભંડોળનો મહત્વનો હિસ્સો છે. વર્ષની શરૂઆતમાં તા. ૧-૪-૨૦૧૨ નાં રોજ સભાસદ સંખ્યા ૧૬૩૫૨ અને ભરપાઈ થયેલ શેરભંડોળ રૂા. ૧૬૩.૪૭ લાખ હતું. જ્યારે વર્ષની આખરમાં તા. ૩૧-૩-૨૦૧૩ નાં રોજ સભાસદ સંખ્યા ૧૬૬૨૬ અને ભરપાઈ થયેલ શેરભંડોળ રૂા. ૧૭૫.૭૧ લાખ થયું છે. હવેથી નવા શેર રૂા. ૧૦૦/- ની કિંમતના જ ઈસ્યુ કરવામાં આવે છે, ત્થા રૂા. ૨૫/- વાળા શેર રૂા. ૧૦૦/- માં રૂપાંતર કરવાની કાર્યવાહી ચાલુ છે. આપ સૌ જેમાં સહકાર આપશો એવી વિનંતી.

## થાપણો અને ધિરાણોની ગૌરવપ્રદ વૃધ્ધિ

સહકારી બેંકીંગ ક્ષેત્રમાં આપણી બેંકની શાખ અને સેવાઓને કારણે વર્ષ દરમિયાન બેંકની થાપણો ગત વર્ષની સરખામણીએ ૧૭.૯૭% ના વધારા સાથે ૪૯.૫૬ કરોડ પહોંચી છે, અને ધિરાણ ૧૬.૧૦% ના વધારા સાથે ૩૧.૭૩ કરોડે પહોંચ્યું છે. આર્થિક મંદીના સમયમાં આપણી બેંકે કરેલી આ પ્રગતિ આપણા સૌને માટે ગૌરવપ્રદ છે.

**થાપણો (રૂા. કરોડમાં)**

| | ૩૧.૩.૨૦૧૨ | ૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|
| મુખ્ય ઓફીસ | ૨૧.૩૦ | ૨૬.૦૮ |
| ચીખલી શાખા | ૭.૩૯ | ૯.૧૧ |
| બીલીમોરા શાખા | ૧૩.૩૨ | ૧૪.૩૭ |
| કુલ | ૪૨.૦૧ | ૪૯.૫૬ |

**ધિરાણો (રૂા. કરોડમાં)**

| | ૩૧.૩.૨૦૧૨ | ૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|
| મુખ્ય ઓફીસ | ૫.૪૭ | ૬.૬૦ |
| ચીખલી શાખા | ૮.૦૪ | ૯.૨૬ |
| બીલીમોરા શાખા | ૧૩.૮૨ | ૧૫.૮૭ |
| કુલ | ૨૭.૩૩ | ૩૧.૭૩ |

## નોન પરફોર્મીંગ એસેટસ (NPA)

બેંકની ભૂમિકા વિવિધ ધિરાણ પ્રવૃત્તિઓ દ્વારા જરૂરિયાત ધરાવતા લોકો તરફ ધિરાણનો પ્રવાહ લઈ જવા મહત્વની રહી છે. રિઝર્વ બેન્કના વખતો-વખતના ધિરાણ માળખા થકી ધિરાણ પ્રવાહ તેમજ પરત વસુલાતની કામગીરીનો દ્વિમાર્ગી વ્યવહાર સંતુલીત કરી આજે પણ આપણી બેંક નેટ NPA 0% (શૂન્ય ટકા) પણ જાળવી રાખવામાં સફળતા હાંસલ કરેલ છે. આપ સૌના સાથ અને સહકારથી ભવિષ્યમાં પણ પ્રગતિ જાળવી રાખવા તમામ પ્રયત્ન આપણી બેંક સંનિષ્ઠાથી કરતી રહેશે.

| | ૩૧.૩.૨૦૧૨ | ૩૧.૩.૨૦૧૩ |
|---|---|---|
| કુલ ધિરાણ | ૨૭૩૨.૭૮ | ૩૧૭૨.૭૬ |
| ગ્રોસ NPA રકમ | ૨૪.૬૬ | ૧૩.૭૨ |
| ગ્રોસ ટકાવારી | ૦.૯૦% | ૦.૪૩% |
| Net NPA રકમ | ૦.૦૦ | ૦.૦૦ |
| Net. ટકાવારી | 0% | 0% |
| જોગવાઈ | ૩૬.૨૬ | ૪૫.૭૨ |

રીઝર્વ બેંકના નિયમ મુજબ કરવી પડતી રૂા. ૧૧.૯૫ લાખની જોગવાઈ સામે બેંક દ્વારા રૂા. ૪૫.૭૨ લાખની જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી બેંકનું નેટ NPA 0% છે, અને બેંકનું ગ્રોસ NPA જેને પણ કાળક્રમે શૂન્ય ટકા લાવવાના સઘન પ્રયત્નો ચાલુ છે.

અહેવાલની વર્ષની આખરની મુદતમાં બાકી ધિરાણો પૈકી દાવામાં ૧ ખાતામાં ૨.૫૧ લાખ, હુકમનામામાં ૫ ખાતામાં ૩.૫૯ લાખ રકમ ૧૫૯ હેઠળ નોટીશમાં ૯ ખાતામાં ૩.૮૦ લાખ તથા દરખાસ્ત ૨ ખાતામાં ૧.૩૦ લાખ રકમ રોકાયેલ છે. અહેવાલના વર્ષ દરમ્યાન NPA ખાતાઓમાં કુલ વસુલાત રૂા. ૭.૨૬ લાખ આવેલ છે.

## મૂડી પર્યાપ્તનો ગુણાંક (સી.આર.એ.આર.) 20.51%

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના માપદંડ મુજબ મુડી પર્યાપ્તનો ગુણાંક લઘુત્તમ ૯% હોવો જોઈએ. જેની સામે આપણી બેંકનો ૩૧-૩-૨૦૧૩ ના રોજનો આ દર ૨૦.૫૧% છે જે બેંકની આર્થિક સધ્ધરતા દર્શાવે છે.

## બેંકના ડિરેક્ટર્સને ધિરાણ

આપણી બેંકના એકપણ ડિરેક્ટર પોતાના નામે કે રિઝર્વ બેંકની વ્યાખ્યામાં આવતા સગા-સંબંધીને નામે પણ બેંકમાંથી તેમની પોતાની ફીક્સ ડીપોઝીટ ઉપર ઓવરડ્રાફ્ટ લોન સિવાય કોઈપણ પ્રકારનું ધીરાણ લેતા નથી અને રીઝર્વ બેંકના આદેશનું સંપૂર્ણપણે પાલન કરે છે.

## ડીપોઝીટ ઈન્સ્યોરન્સ

ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એક્ટ હેઠળ આપણી બેંકની રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) સુધીની થાપણો રાષ્ટ્રીયકૃત બેંકોની જેમ સુરક્ષિત છે. બેંક દ્વારા ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એક્ટ હેઠળ આપણી બેંકનું એડવાન્સ પ્રિમીયમ તા. ૩૦-૯-૨૦૧૩ સુધીનું ભરી દીધેલ છે.

## બેંકની નાણાંકીય પરિસ્થિતિ અને નફાની ફાળવણી

નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષમાં બેંકની કુલ આવક રૂા. ૬૧૭.૦૯ લાખ થઈ છે. જેની સામે ખર્ચ, વધારાની જોગવાઈઓ, ઈન્કમટેક્ષ પેટે ચૂકવેલ રકમ મળી કુલ્લે રૂા. ૫૪૧.૪૪ લાખ બાદ કરતા તા. ૩૧-૩-૨૦૧૩ ના રોજ બેંકનો ચોખ્ખો નફો રૂા. ૭૫.૬૫ લાખ થવા પામ્યો છે. જે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ ના નફા કરતા ૧૯.૮૯% નો વધારો થયેલ છે, જેની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નીચે જણાવ્યા પ્રમાણે ફાળવણી કરેલ છે. જેને આપ સૌ મંજુર રાખશો એવી વિનંતી છે.

| | | | | |
|---|---|---|---|---|
| | **સને ૨૦૧૨-૧૩ ના વર્ષનો ચોખ્ખો નફો** | | | ૭૫,૬૪,૯૩૮-૪૬ |
| બાદ : | રીઝર્વ ફંડ ચોખ્ખા નફાના | ૪૦% | ૩૦,૨૫,૯૭૫-૨૭ | |
| | શકમંદ લેણા ફંડ ચોખ્ખા નફાના | ૧૫% | ૧૧,૩૪,૭૪૦-૦૦ | |
| | શિક્ષણ ફાળો ચોખ્ખા નફાના | ૨% | ૧,૫૧,૨૯૮-૦૦ | |
| | ડિવિડન્ડ | ૧૧% | ૧૮,૦૯,૨૬૧-૦૦ | ૬૧,૨૧,૨૭૪-૨૭ |
| | | | | ૧૪,૪૩,૬૬૪-૧૯ |
| બાદ : | અર્બન બેંક ઈકવીલાઈઝેશન ફંડ ૧૫% | | | ૨,૧૬,૫૫૦-૦૦ |
| | | | | ૧૨,૨૭,૧૧૪-૧૯ |
| (૧) | સભાસદ કલ્યાણ ફંડ | ૧૫% | ૧,૮૪,૦૬૭-૦૦ | |
| (૨) | કેળવણી ફંડ ખાતે | ૫% | ૬૧,૩૫૫-૧૨ | |
| (૩) | મકાન ફંડ ખાતે | ૩૦% | ૩,૬૮,૧૩૪-૦૦ | |
| (૪) | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ ખાતે | ૧૦% | ૧,૨૨,૭૧૨-૦૦ | |
| (૫) | ધર્માદા ફંડ ખાતે | ૫% | ૬૧,૩૫૫-૦૦ | |
| (૬) | આકસ્મિક ફંડ ખાતે | ૧૫% | ૧,૮૪,૦૬૭-૦૦ | |
| (૭) | બેંકની પ્રગતિ અને પ્રચાર અંગે વાપરવાના ફંડ ખાતે | ૧૦% | ૧,૨૨,૭૧૨-૦૬ | |
| (૮) | વ્યાજ વળતર ફંડ | ૧૦% | ૧,૨૨,૭૧૨-૦૧ | ૧૨,૨૭,૧૧૪-૧૯ |

## સર્વે સભાસદોની જાણ માટે

સમાજના નબળા અને મધ્યમ વર્ગના લોકોની આર્થિક ઉન્નતિ સાથે સામાજીક વિકાસ માટે સહકારી પ્રવૃત્તિ એક સર્વશ્રેષ્ઠ વિકલ્પ છે. સહકારી-પ્રવૃત્તિ-સમાજ-રાજ્ય અને દેશમાં આર્થિક પરિવર્તન લાવવા માટેનું એક મહત્વનું સંચાલક પરિબળ છે. આજે સહકારી પ્રવૃત્તિની આભા સુધારવા પ્રયત્નશીલ થવાની સમયની એક અનિવાર્ય માંગ છે. સહકારી પ્રવૃત્તિ અત્યારસુધી સમાજની ચિંતા કરી છે હવે સમાજ સહકારી પ્રવૃત્તિની ચિંતા કરે છે, એવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

''સહકાર'' એ માત્ર કોઈ આર્થિક વ્યવસ્થા નથી, પરંતુ સમાજમાં રહેલા વંચીત લોકોનું પણ પ્રગતિની તક મળે તેવા ઉમદા હેતુ સાથેની ''સામાજીક અભિયાન'' પણ છે. ''સહકાર'' માં કેન્દ્રસ્થાને આર્થિક હિતની સાથોસાથ માનવીય દ્રષ્ટિકોણ પણ રહેલો છે. ''સહકાર'' શબ્દથી જ એકબીજાની સાથે એકતા અને અખંડીતતા જાળવી રાખવાની ભાવના ઉભરી આવે છે. આપણી બેંકે સંબંધલક્ષી નહિં પરંતુ સેવાલક્ષી કાર્ય કરી આજે જ્યારે મારા-તમારા અને આપણા સહયોગી પ્રયત્નશીલ ઉત્તરોત્તર પ્રગતિ કરી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ત્યારે સમગ્ર તંત્રના આગેવાનને શુભેચ્છકો કર્મચારીઓ સહકારનું મહત્વ સમજતા સભાસદો, થાપણદારો અને ગ્રાહકો આપેલા યોગદાનને અમો આભારી છે.

## બેંકના કામકાજના છેલ્લા પાંચ વર્ષનું પ્રગતિ દર્શાવતુ પત્રક

(રૂા. લાખમાં)

| ક્રમ | વિગત | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સભાસદની સંખ્યા | ૧૫૭૧૪ | ૧૫૯૫૮ | ૧૬૧૯૬ | ૧૬૩૫૨ | ૧૬૬૨૬ |
| ૨. | શેર ભંડોળ | ૧૪૬.૦૦ | ૧૪૮.૪૧ | ૧૫૫.૪૨ | ૧૬૩.૪૭ | ૧૭૫.૭૧ |
| ૩. | રિઝર્વ ફંડ | ૫૬.૪૯ | ૫૬.૬૭ | ૮૫.૪૯ | ૧૦૧.૪૪ | ૧૨૬.૯૩ |
| ૪. | અન્ય ફંડો | ૩૬૫.૨૭ | ૩૬૪.૬૨ | ૩૬૯.૩૮ | ૩૮૬.૧૮ | ૪૨૩.૯૪ |
| ૫. | થાપણો | ૨૬૪૦.૪૨ | ૨૯૫૧.૩૪ | ૩૪૭૫.૨૫ | ૪૨૦૦.૭૬ | ૪૯૫૫.૬૧ |
| ૬. | ધિરાણો | ૧૫૮૨.૨૧ | ૧૮૫૬.૭૭ | ૨૨૭૧.૩૦ | ૨૭૩૨.૭૮ | ૩૧૭૨.૭૬ |
| ૭. | રોકાણો | ૧૦૬૭.૦૮ | ૧૧૪૧.૭૧ | ૧૩૧૩.૬૬ | ૧૬૨૨.૧૨ | ૨૦૬૪.૬૭ |
| ૮. | ચોખ્ખો નફો | ૧૧.૪૦ | ૧૯.૪૮ | ૩૯.૬૪ | ૬૩.૧૦ | ૭૫.૬૫ |
| ૯. | કામકાજનું ભંડોળ | ૩૨૫૫.૩૮ | ૩૬૧૦.૦૪ | ૪૧૯૬.૮૯ | ૪૯૯૨.૫૩ | ૫૮૫૯.૭૮ |
| ૧૦. | CRAR | ૨૦ | ૨૧ | ૧૯ | ૧૯.૧૬ | ૨૦.૫૧ |
| ૧૧. | ડીવીડન્ડ | - | ૭ % | ૯ % | ૧૦% | ૧૧% (સુચિત) |
| ૧૨. | ઓડિટ વર્ગ | અ | અ | અ | અ | નોંધ... |

...નોંધ : ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ ૨૦૧૩ ની કલમ ૮૪ મુજબ ઓડીટરની પેનલની યાદીઆવેલ ન હોય વૈધાનિક ઓડિટ બાકી હોવાથી ઓડિટ વર્ગ આપેલ નથી.

બેંકના રોકાણો ગુજરાત રાજ્ય સહકારી કાયદાઓ તથા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માર્ગદર્શિકા મુજબ કરેલા છે અને કરવાના રહેશે. રિઝર્વ બેંક તરફથી થયેલ આદેશો મુજબ અગ્રીમ ક્ષેત્ર તથા નબળા વર્ગના ઉત્થાન માટેના ધિરાણો અંગેના લક્ષ્યાંકો જારી રાખવામાં આવ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સુચના મુજબ નોન પરફોર્મીંગ એસેટનું વર્ગીકરણ કરી ખરાબ અને શકમંદ લેણા રિઝર્વ ખાતે જોગવાઈ કરી હિસાબો તૈયાર કરવામાં આવે છે.

બેંકની મુખ્ય કચેરી તથા તેની શાખાઓ મારફત મોટા ભાગના શહેરોમાં ડિમાન્ડ ડ્રાફ્ટ ઈસ્યુ કરવાની વ્યવસ્થા ગોઠવી છે જેમાં રાષ્ટ્રીયકૃત બેંકો કરતા પણ વ્યાજબી દરે ગ્રાહકને સેવા આપવામાં આવે છે. તેમજ આપણી બેંકના ગ્રાહકોને RTGS ની સગવડ ઉપલબ્ધ કરેલ છે.

સહકારી બેંકો સર્વિસ સેક્ટર છે સમાજના નબળા વર્ગના લોકોનાં તેઓ હાથ ઝાલે છે. ત્યારે સહકારી ક્ષેત્રની બેકીંગની વિશ્વસનીયતા સુદ્રઢ કરવા સહુએ મળીને પ્રયાસો કરવાની જરૂર છે.

બેંક તેના સભાસદોનાં કલ્યાણ અર્થે તેમજ આમ સમાજને પણ ઉપયોગી થઈ શકે તે હેતુથી સામાજીક-શૈક્ષણિક ક્ષેત્રે તેમજ તબીબક્ષેત્રે પણ સારું એવું પ્રદાન કરેલ છે. આપણી બેંકે સમાજના વિકાસ માટે પણ કામો કર્યા છે. આમ આપણી બેંક સહકારીક્ષેત્રમાં નબળા વર્ગના વિકાસ માટેનું આગવું ઉમદા ઉદાહરણ છે.

અહેવાલના વર્ષ દરમ્યાન બોર્ડના મારા સાથી ડિરેક્ટર્સ તથા શાખ કમિટિ તથા અન્ય કમિટિના સભ્યો મિટિંગમાં હાજર રહી પોતાની જવાબદારી શતર્ક અને જાગ્રત રહી અદા કરી છે તેમજ બેંકના જનરલ મેનેજર, બ્રાંચ મેનેજર, અધિકારીઓ તથા કર્મચારીગણોએ તથા દૈનિક બચત યોજનાના એજન્ટો ખંત, નિષ્ઠા, વિનય, પ્રમાણિકતા સહકાર તેમજ સ્મિત સાથે સેવાના સુત્રોથી ગ્રાહકોને મહત્તમ અને કાર્યક્ષમ રીતે સેવા આપવા પ્રયત્નશીલ રહ્યા છે તે તમામનો હું આભારી છું. સાથે સાથે બેંકની પ્રગતિમાં ઉત્તરોત્તર ફાળો આપતા આવેલ મારા સભાસદો, કરજદારો તથા થાપણદારોનો હાર્દિક આભાર માનું છું. કન્કરન્ટ ઓડિટર્સ, લીગલ એડવાઈઝર્સ, બેંકની પેનલ ઉપર સેવા આપતા વેલ્યુઅર્સ તથા એડવોકેટસના માર્ગદર્શન બદલ સર્વેનો આભાર માનું છું.

બેંકના રોજબરોજના કામકાજમાં વલસાડ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લી., જીલ્લા રજીસ્ટ્રારશ્રી નવસારી તથા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ ગાંધીનગર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા - અમદાવાદ, મુંબઈ તથા ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંક લી. - અમદાવાદ, એચ.ડી.એફ.સી. બેંક - સુરત, આઈ.ડી.બી.આઈ. બેંક - નવસારી, મહારાષ્ટ્ર સ્ટેટ કો.ઓ. બેંક લી. - મુંબઈ તથા ગુજરાત અર્બન બેંક ફેડરેશન - અમદાવાદ તથા સાઉથ ગુજરાત અર્બન કો.ઓ. બેંક ફેડરેશન સુરત તેમજ અન્ય તરફથી મળેલ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું. અંતમાં બેંકના બહોળા પરિવારના તમામ સભ્યો તથા બેંકની શાખમાં વિશ્વાસ મુકી આ વિસ્તારની વ્યાપારી આલમે તેને અપનાવી પોતાની માની તમામ નાણાંકીય વ્યવહાર બેંક જોડે કરવાનો આગ્રહ રાખ્યો છે, તથા બેંકના થાપણદારો, કરજદારો, ગ્રાહકો, પત્રકારમિત્રો અડગ રહી બેંકની પડખે રહ્યા છે તેમની હું કદર કરું છું. સાથે જ ગ્રાહક સેવાલક્ષી કોઈ સુચનો હશે તેને આવકારું છું.

આપણે એકબીજાના સહયોગથી સાથે મળીને હંમેશા પ્રગતિના પંથે રહીએ એવા સંનિષ્ઠ પ્રયત્નોના અડગ વિશ્વાસની અભ્યર્થના સહ અંતઃકરણની અભિલાષા સાથે વિરમું છું. ધન્યવાદ...

આપનો સહકારી
જસ્મીનભાઈ જે. દેસાઈ
**પ્રમુખશ્રી**
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,
ધી ગણદેવી પીપલ્સ કો.ઓ. બેંક લી.,
ગણદેવી.

## ઈન્ટરનલ ઓડિટર્સ રીપોર્ટ

અમોએ ધી ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક લી. ગણદેવીનું તા. ૩૧-૦૩-૨૦૧૩ ના રોજ પુરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતુ તથા ૩૧-૦૩-૨૦૧૩ ના રોજનું સરવૈયું તપાસ્યું છે, અને રિપોર્ટ કરીએ છીએ કે...

૧. બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા બેંકનો વહીવટ સહકારી કાયદા-કાનુનની જોગવાઈઓ અને પેટા નિયમને આધિન રહીને ચલાવવામાં આવે છે, અને કાયદા-કાનુનની જોગવાઈઓનું સમિતિ દ્વારા પાલન થયેલ છે.

૨. બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આર.બી.આઈ. ના વખતો વખતનાં સરક્યુલર્સ/ઠરાવો અને માર્ગદર્શક સુચનાઓ વિગેરેનું પાલન કરવામાં આવે છે.

૩. બેંકમાં હિસાબી દફતર વાર્ષિક હિસાબો/હિસાબી પધ્ધતિ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની સુચના / સહકારી કાયદાની જોગવાઈ સંદર્ભે નિભાવવામાં આવેલ છે.

૪. બેંકનું સરવૈયું બેંકની આર્થિક સ્થિતિનું વાસ્તવિક ચિત્ર દર્શાવે છે. સરવૈયામાં દર્શાવેલ મુડી દેવા અને મિલકત-લેણાં નફા-નુકશાનની પરિસ્થિતિ વાસ્તવિક અને ખરી છે.

૫. બેંક દ્વારા એસ.એલ. આર. અને સી.આર.આર. ના ધોરણ જળવાયેલ છે.

૬. બેંક દ્વારા આર.બી.આઈ. ની એન.પી.એ. અંગેની ગાઈડ લાઈન્સ મુજબ મિલકતોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે અને તે અંગે પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવેલ છે.

૭. બેંકના વ્યવસ્થાપક મંડળના સભ્યોને અને તેમના કુટુંબીજનોને કરવામાં આવેલ ધિરાણ આર.બી.આઈ. ની સુચના તથા સહકારી કાયદા કાનૂનની જોગવાઈઓ અનુસાર કરવામાં આવેલ છે. તેમજ તમામ ધિરાણ વસુલાત આવી શકે તેમ છે.

૮. બેંકના હોદ્દેદારો કે ડીરેક્ટર્સશ્રી દ્વારા સહકારી કાયદા-કાનૂન કે પેટા નિયમોની જોગવાઈ મુજબ ગેરલાયકાત વ્હોરેલ નથી.

૯. બેંકના કાર્યવાહકો દ્વારા વનટાઈમ સેટલમેન્ટ યોજના કે ડીપોઝીટ સેટ ઓફ યોજનાની ગાઈડ લાઈન્સનું પાલન કરવામાં આવેલ છે.

૧૦. હિસાબી વર્ષ દરમ્યાન લેણાં માંડવાળ કરવાના કિસ્સાઓમાં આર.બી.આઈ. તથા સહકાર ખાતા દ્વારા ઈસ્યુ કરેલ સુચનાઓનું પાલન કરવામાં આવેલ છે.

૧૧. કોર્ટ રાહે સમાધાન માંડવાળના કિસ્સાઓમાં સંસ્થાનું નાણાંકીય હિત જોખમાયેલ નથી.

કે.બી. કાપડીયા એન્ડ એસોસીએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
કલ્પેશ બી. કાપડીયા
પ્રોપ્રાયટર

તારીખ : ૧૭-૭-૨૦૧૩
સ્થળ : નવસારી.

## તા. ૩૧-૩-૨૦૧૩ નાં રોજ પુરા થતાં વર્ષનું સરવૈયું

| તા. ૩૧-૩-૨૦૧૨ રૂા. પૈસા | ભંડોળ તથા દેવું | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૨,૦૦,૦૦,૦૦૦-૦૦ | **મંજુર થયેલ શેર :** | | ૨,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| ૧,૬૩,૪૭,૩૨૫-૦૦ | વસુલ આવેલ શેર | | ૧,૭૫,૭૧,૦૨૫-૦૦ |
| ૧,૦૧,૪૪,૨૪૧-૪૫ | રીઝર્વ ફંડ | ૧,૨૬,૯૨,૮૫૩-૭૩ | |
| ૩૬,૦૮,૯૪૪-૦૦ | ઈમારત ફંડ | ૫૫,૦૦,૨૮૦-૦૦ | |
| ૩,૫૦,૦૮,૬૪૫-૪૨ | અન્ય ફંડો (પરિશિષ્ટ - ૧) | ૩,૬૮,૯૩,૮૮૮-૪૨ | ૫,૫૦,૮૭,૦૨૨-૧૫ |
| | **થાપણ :** | | |
| ૩૨,૦૨,૭૫,૫૭૮-૨૭ | મુદતી થાપણ | ૩૮,૭૫,૭૧,૦૯૧-૫૦ | |
| ૮,૬૨,૨૫,૨૫૦-૧૦ | બચત થાપણ | ૮,૭૩,૬૩,૮૯૯-૨૯ | |
| ૧,૩૫,૭૫,૦૩૦-૨૮ | ચાલુ થાપણ | ૨,૦૬,૨૬,૦૨૯-૭૦ | ૪૯,૫૫,૬૧,૦૨૦-૪૯ |
| ૩૫,૦૧,૬૨૨-૦૦ | ચુકવવા પાત્ર વ્યાજ | | ૪૯,૦૪,૦૧૧-૦૦ |
| ૨૯,૯૮,૪૯૬-૦૦ | મુદતવીતી વ્યાજ રીઝર્વ | | ૩૦,૦૩,૧૦૬-૦૦ |
| ૩,૨૨,૧૮૪-૦૦ | બીલ્સ ફોર કલેકશન (સામે દર્શાવેલ બીલ્સ રીસીવેબલ મુજબ) | | ૪,૫૮,૦૦૯-૦૦ |
| ----- | શાખાના હવાલા | | ૧,૮૪૦-૦૦ |
| | **અન્ય જવાબદારીઓ :** | | |
| ૧૨,૦૬,૯૫૧-૦૦ | ડિવિડન્ડ | ૧૫,૩૬,૯૩૦-૦૦ | |
| ૨,૦૯,૨૭૬-૯૨ | અનામત ખાતુ | ૩,૬૫,૩૦૨-૯૨ | |
| ૧,૭૮,૪૯૫-૦૦ | શેર અરજી | ૯૧,૪૮૦-૦૦ | |
| ૧૪,૨૯૦-૦૦ | નોમીનલ સભ્ય ફી | ૧૫,૪૪૫-૦૦ | |
| ૧,૧૪,૦૦૦-૦૦ | નોમીનેશન ડીપોઝીટ | ----- | |
| ૧,૭૫,૦૦૦-૦૦ | વાહન નોંધણી ડિપોઝીટ | ૨,૦૨,૫૦૦-૦૦ | |
| ૯,૧૫,૨૮૬-૦૦ | દૈનિક એજન્ટ ડિપોઝીટ | ૮,૧૯,૯૧૭-૦૦ | |
| ૧,૭૧,૯૮૧-૦૬ | એડજસ્ટમેન્ટ એકા. | ૪,૩૧,૬૦૬-૦૬ | |
| ૧,૮૦,૬૪૬-૦૦ | એડવાન્સ લોકર્સ ભાડા આવક | ૨,૬૭,૬૦૭-૦૦ | |
| ૨,૨૭,૬૪૧-૦૦ | કમિશન ચુકવવાના બાકી | ૨,૨૯,૯૦૮-૦૦ | |
| ૨,૯૯,૯૨૭-૦૦ | અનકલેઈમ ડી. ડી. | ૭,૧૭,૫૦૭-૦૦ | |
| ૨,૨૫,૦૦૦-૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ જોગવાઈ | ------ | |
| ૫૧,૮૦૦-૦૦ | પે ઓર્ડર ચૂકવવાના બાકી | ૧,૫૫,૩૮૦-૦૦ | |
| ૧,૫૭,૧૨૯-૦૦ | અનકલેઈમ દૈનિક ડીપોઝીટ | ૧,૫૭,૧૨૯-૦૦ | |
| ૬૫,૦૧૩-૪૫ | દાવા ડીપોઝીટ જોગવાઈ | ૬૨,૨૪૬-૪૫ | |
| ૬૩,૯૩૧-૦૦ | અર્બન બેંક ઈકવીલાઈઝેશન ફંડ | ૨,૩૫,૩૦૫-૦૦ | ૫૨,૮૮,૨૬૩-૪૩ |
| | **નફાનુકશાન ખાતુ :** | | |
| ૩૯,૬૩,૫૦૯-૮૮ | શરૂઆતની બાકી | ૬૩,૦૯,૭૫૪-૨૮ | |
| ૩૯,૬૩,૫૦૯-૮૮ | બાદ : ફાળવણી | ૬૩,૦૯,૭૫૪-૨૮ | |
| —— | | —— | |
| ૬૩,૦૯,૭૫૪-૨૮ | ઉમેરો : ચાલુ વર્ષનો નફો | ૭૫,૬૪,૯૩૮-૪૬ | ૭૫,૬૪,૯૩૮-૪૬ |
| ૫૦,૨૫,૭૩,૪૩૮-૨૩ | | | ૫૮,૯૪,૩૯,૨૩૫-૫૩ |

**બેંક ગેરંટી - રૂા. ૨,૬૫,૦૦૦/- જેની સામે ૧૦૦ % બેંક ડીપોઝીટ મેળવેલી છે.**

અમારા આજ તારીખના રીપોર્ટ તેમજ સામાન્ય શેરોને આધીન
વિનોદ દેસાઈ એન્ડ એસોસીએટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નવસારી.

મહેન્દ્રભાઈ બી. ટેલર
એકાઉન્ટન્ટ

હેમાંશુભાઈ બી. વૈદ્ય
જનરલ મેનેજર

## તા. ૩૧-૩-૨૦૧૩ નાં રોજ પુરા થતાં વર્ષનું સરવૈયું

| તા. ૩૧-૩-૨૦૧૨ રૂા. પૈસા | મિલ્કત તથા લેણું | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **રોકડ સિલક :** | | |
| | હાથ પર, રીઝર્વ બેંક, સ્ટેટ બેંક રાજય તથા જિલ્લા મદયસ્થ સહકારી બેંકમાં | | |
| ૬૩,૯૨,૭૮૦-૫૧ | હાથ પર રોકડ | ૭૫,૦૮,૮૪૨-૪૪ | |
| ૬૪,૮૬,૯૮૫-૬૧ | ચાલુ ખાતામાં | ૭૪,૫૩,૧૯૪-૧૩ | |
| ૨,૧૪,૧૬,૬૯૭-૦૦ | મુદતી થાપણો | ૨,૪૭,૭૨,૩૩૫-૦૦ | ૩,૯૭,૩૪,૩૭૧-૫૭ |
| | **અન્ય બેંકોમાં :** | | |
| ૧,૧૦,૭૨,૨૧૮-૧૪ | ચાલુ ખાતામાં | ૬૯,૦૫,૪૬૧-૧૦ | |
| ૩,૬૩,૮૬,૨૭૬-૬૦ | મુદતી થાપણો | ૫,૭૫,૫૪,૯૪૯-૬૦ | ૬,૪૪,૬૦,૪૧૦-૭૦ |
| ૧૦,૪૪,૦૯,૧૯૫-૦૦ | રોકાણો : (પરિશિષ્ટ - ૨) | | ૧૨,૪૧,૪૦,૧૯૫-૦૦ |
| | **ધિરાણો :** | | |
| ૨૦,૭૮,૪૦,૪૮૧-૭૮ | ૧. ટૂકી મુદત | ૨૩,૨૭,૪૯,૮૦૩-૬૭ | |
| ૧,૫૪,૦૨,૪૪૨-૦૦ | ૨. મધ્યમ મુદત | ૨,૪૫,૬૬,૪૬૬-૦૦ | |
| ૫,૦૦,૩૪,૯૫૫-૦૦ | ૩. લાંબી મુદત | ૫,૯૯,૫૯,૬૪૧-૦૦ | ૩૧,૭૨,૭૫,૯૧૦-૬૭ |
| | **ઉપરોકત પૈકી મુદતવીતી** | | |
| | ૩૧-૩-૨૦૧૨ — ૩૧-૩-૨૦૧૩ | | |
| | ૭,૧૭,૫૮૪-૧૨ ટુકી મુદત ૩,૬૨,૮૩૩-૧૨ | | |
| | ૩,૬૦,૮૧૯-૦૦ મધ્યમ મુદત ૩,૯૮,૮૨૪-૦૦ | | |
| | ૪,૧૨,૫૩૬-૦૦ લાંબી મુદત ૩,૫૮,૬૬૭-૦૦ | | |
| | ૧૪,૯૦,૯૩૯-૧૨ — ૧૧,૨૦,૩૨૪-૧૨ | | |
| | **મળવાપાત્ર વ્યાજ :** | | |
| ૪૯,૦૭,૫૧૯-૦૦ | રોકાણો / બેંક થાપણો | ૫૯,૬૯,૩૫૧-૦૦ | |
| ૩૫,૬૧,૩૩૫-૦૦ | ધિરાણો | ૩૭,૩૧,૦૦૬-૦૦ | ૯૭,૦૦,૩૫૭-૦૦ |
| | **મળવાપાત્ર ધિરાણ વ્યાજ પૈકી** | | |
| | ૩૧-૩-૨૦૧૨ — ૩૧-૩-૨૦૧૩ | | |
| | ૨૯,૯૮,૪૯૬-૦૦ મુદતવીતી વ્યાજ ૩૦,૦૩,૧૦૬-૦૦ | | |
| | ૨૯,૯૮,૪૯૬-૦૦ મુદતવીતી વ્યાજ રીઝર્વ ૩૦,૦૩,૧૦૬-૦૦ | | |
| ૩,૨૨,૧૮૪-૦૦ | બીલ્સ રીસીવેબલ (સામે દર્શાવેલ બીલ્સ ફોર કલેકશન મુજબ) | | ૪,૫૮,૦૦૯-૦૦ |
| ૭,૫૯૦-૦૦ | શાખાના હવાલા | | — |
| ૩૫,૬૦,૧૬૫-૦૦ | ઈમારત (ઘસારા બાદ) | | ૩૩,૩૮,૭૩૭-૦૦ |
| ૧૯,૦૭,૭૭૯-૧૪ | રાચરચીલું (ડેડસ્ટોક-ફર્નીચર ઘસારા બાદ) | | ૧૮,૦૫,૦૨૧-૧૪ |
| ૮,૦૫,૪૦૮-૦૦ | કોમ્પ્યુટર્સ (ઘસારા બાદ) | | ૫,૩૨,૬૬૦-૦૦ |
| ૨,૮૦,૫૯,૪૨૬-૪૫ | અન્ય ચાલુ મિલકતો (પરિશિષ્ટ - ૩) | | ૨,૭૯,૯૩,૫૬૩-૪૫ |
| ૫૦,૨૫,૭૩,૪૩૮-૨૩ | | | ૫૮,૬૪,૩૯,૨૩૫-૫૩ |

| શૈલેષભાઈ એલ. શાહ | ગોપાળભાઈ એમ. ગોહિલ | જસ્મીનભાઈ જે. દેસાઈ |
|---|---|---|
| સેક્રેટરી | ઉપપ્રમુખ | પ્રમુખ |

## તા. ૩૧-૩-૨૦૧૩ નાં રોજ પુરા થતાં વર્ષનું નફા-તોટા ખાતુ

| તા. ૩૧-૩-૨૦૧૨ રૂા. પૈસા | ઉપજ | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **વ્યાજ આવક :** | | |
| ૩,૮૪,૫૧,૯૮૧-૩૬ | ધિરાણ | ૪,૫૪,૫૨,૩૧૫-૦૦ | |
| ૧,૨૧,૨૪,૫૭૫-૫૬ | રોકાણ / બેંક થાપણો | ૧,૫૨,૩૨,૮૦૫-૬૭ | ૬,૦૬,૮૫,૧૨૦-૬૭ |
| ૫,૩૫,૫૮૧-૪૩ | **કમિશન :** | | ૩,૧૯,૫૪૧-૨૫ |
| | **અન્ય આવક :** | | |
| ૩,૩૨,૫૪૮-૭૭ | ઈન્સીડન્ટલ ચાર્જ | ૩,૦૩,૦૩૭-૧૯ | |
| ૨,૪૯,૩૨૩-૦૦ | લોકર્સ ભાડા | ૩,૦૪,૪૭૨-૦૦ | |
| ૩,૦૦૦-૦૦ | સર્વિસ ચાર્જ | ૨૩,૫૮૪-૦૦ | |
| ૧,૨૨,૩૯૬-૮૭ | સ્ટેશનરી આવક | ૬૯,૦૮૭-૬૭ | |
| ૯,૦૨૨-૦૦ | પરચુરણ આવક | ૩,૭૯૫-૦૦ | ૭,૦૩,૯૭૫-૮૬ |
| ૫,૧૮,૨૮,૪૨૮-૯૯ | | | ૬,૧૭,૦૮,૬૩૭-૭૮ |

અમારા આજ તારીખના રીપોર્ટ તેમજ સામાન્ય શેરોને આધીન
વિનોદ દેસાઈ એન્ડ એસોસીએટસ્, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નવસારી.

મહેન્દ્રભાઈ બી. ટેલર
એકાઉન્ટન્ટ

હેમાંશુભાઈ બી. વૈદ્ય
જનરલ મેનેજર

## તા. ૩૧-૩-૨૦૧૩ નાં રોજ પુરા થતાં વર્ષનું નફા-તોટા ખાતુ

| તા. ૩૧-૩-૨૦૧૨ રૂા. પૈસા | ખર્ચ | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૨,૬૫,૬૨,૪૨૨-૨૪ | વ્યાજ ખર્ચ | | ૩,૩૬,૧૨,૫૫૩-૨૩ |
| ૬૭,૯૬,૨૧૧-૦૦ | કર્મચારી, મહેનતાણા ભથ્થા વિગેરે | | ૬૯,૩૫,૦૬૬-૦૦ |
| ૨૦,૦૨,૫૨૩-૦૦ | ભાડુ, કર, વીમો, વીજળી વિગેરે | | ૧૩,૧૪,૯૯૨-૦૦ |
| ૧,૪૨,૪૧૫-૦૦ | તાર - ટપાલ, ટેલિફોન | | ૯૪,૯૬૩-૦૦ |
| ૧,૦૮,૧૮૦-૦૦ | કોર્ટ ફી - વકીલ ફી | | ૧,૭૧,૦૮૦-૦૦ |
| ૧,૦૩,૦૦૦-૦૦ | ઓડિટ ફી | | ૧,૫૨,૦૦૦-૦૦ |
| ૭૨,૧૨૮-૦૦ | જાહેરાત ખર્ચ | | ૧,૦૩,૭૬૭-૦૦ |
| ૯,૮૬,૦૩૪-૪૭ | અન્ય ખર્ચ (પરિશિષ્ટ - ૪) | | ૯,૦૫,૯૬૫-૦૯ |
| ૨૪,૬૦,૨૮૩-૦૦ | દૈનિક ડિપોઝીટ યોજના કમિશન | | ૨૭,૦૮,૦૮૫-૦૦ |
| ૩,૭૮,૫૧૬-૦૦ | ડીપોઝીટ વીમા પ્રિમિયમ | | ૪,૫૯,૬૬૮-૦૦ |
| ૧૮,૯૧,૮૯૫-૦૦ | મિલકત ઘસારા તથા મરામત ખર્ચ | | ૧૦,૯૮,૭૪૦-૦૦ |
| ૯૨૩-૦૦ | દાવા ડીપોઝીટ | | ------ |
| ૩૭,૧૪,૧૪૪-૦૦ | ઈન્કમટેક્ષ | | ૪૫,૩૬,૮૨૦-૦૦ |
| ૧,૦૦,૦૦૦-૦૦ | R.B.I પેનલ્ટી | | ------ |
| | **જોગવાઈ :** | | |
| ૨,૦૦,૦૦૦-૦૦ | સ્ટાન્ડર્ડ એસેટ ફંડ જોગવાઈ | ૧,૫૦,૦૦૦-૦૦ | |
| ------ | રોકાણ ઘસારા ફંડ જોગવાઈ | ૧,૦૦,૦૦૦-૦૦ | |
| ------ | બિલ્ડીંગ ફંડ જોગવાઈ | ૧૬,૦૦,૦૦૦-૦૦ | |
| ------ | ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ જોગવાઈ | ૨,૦૦,૦૦૦-૦૦ | ૨૦,૫૦,૦૦૦-૦૦ |
| ૬૩,૦૯,૭૫૪-૨૮ | ચોખ્ખો નફો | | ૭૫,૬૪,૯૩૮-૪૬ |
| ૫,૧૮,૨૮,૪૨૮-૯૯ | | | ૬,૧૭,૦૮,૬૩૭-૭૮ |

| શૈલેષભાઈ એલ. શાહ | ગોપાળભાઈ એમ. ગોહિલ | જસ્મીનભાઈ જે. દેસાઈ |
|---|---|---|
| સેક્રેટરી | ઉપપ્રમુખ | પ્રમુખ |

## પરિશિષ્ટ - ૧

| તા. ૩૧-૩-૨૦૧૨ રૂા. પૈસા | અન્ય ફંડો | રૂા. પૈસા | તા. ૩૧-૩-૨૦૧૩ રૂા. પૈસા |
|---:|---|---:|---:|
| | **કેળવણી ફંડ :** | | |
| ૨૪,૫૭૮-૧૮ | આગળના વર્ષની બાકી | ૩૮,૪૦૭-૧૮ | |
| ૧૩,૮૨૯-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૪૮,૫૫૬-૦૦ | ૮૬,૯૬૩-૧૮ |
| | **સભાસદ વ્યાજ વળતર ફંડ :** | | |
| ૨૮,૫૨૫-૯૯ | આગળના વર્ષની બાકી | ૫૬,૧૮૩-૯૯ | |
| ૨૭,૬૫૮-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૯૭,૧૧૨-૦૦ | ૧,૫૩,૨૯૫-૯૯ |
| | **બેંકની પ્રગતિ અને પ્રચાર ફંડ :** | | |
| ૧૬,૮૭૫-૬૪ | આગળના વર્ષની બાકી | ૪૪,૫૩૩-૬૪ | |
| ૨૭,૬૫૮-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૯૭,૧૧૨-૦૦ | ૧,૪૧,૬૪૫-૬૪ |
| | **ધર્માદા ફંડ :** | | |
| ૩૨,૩૯૭-૬૦ | આગળના વર્ષની બાકી | ૩૫,૨૨૬-૬૦ | |
| ૧૩,૮૨૯-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૪૮,૫૫૬-૦૦ | |
| ૪૬,૨૨૬-૬૦ | | ૮૩,૭૮૨-૬૦ | |
| ૧૧,૦૦૦-૦૦ | બાદ : ચૂકવ્યા | ૨૧,૦૦૦-૦૦ | ૬૨,૭૮૨-૬૦ |
| | **આકસ્મિક ફંડ :** | | |
| ૪૪,૯૦૪-૦૧ | આગળના વર્ષની બાકી | ૮૬,૩૯૧-૦૧ | |
| ૪૧,૪૮૭-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૧,૪૫,૬૬૬-૦૦ | ૨,૩૨,૦૫૭-૦૧ |
| ૨૫,૬૮,૦૦૦-૦૦ | **શકમંદ લેણા ફંડ :** | | ૨૫,૬૮,૦૦૦-૦૦ |
| | **સ્ટાન્ડર્ડ એસેટ્સ ફંડ** | | |
| ૫,૫૦,૦૦૦-૦૦ | આગળના વર્ષની બાકી | ૭,૫૦,૦૦૦-૦૦ | |
| ૨,૦૦,૦૦૦-૦૦ | ઉમેરો : ચાલુ વર્ષે કરેલ જોગવાઈ | ૧,૫૦,૦૦૦-૦૦ | ૯,૦૦,૦૦૦-૦૦ |
| | **રોકાણ ઘસારા ફંડ** | | |
| ૨,૭૭,૫૦,૦૦૦-૦૦ | આગળના વર્ષની બાકી | ૨,૭૭,૫૦,૦૦૦-૦૦ | |
| ------- | ઉમેરો : ચાલુ વર્ષે કરેલ જોગવાઈ | ૧,૦૦,૦૦૦-૦૦ | ૨,૭૮,૫૦,૦૦૦-૦૦ |
| | **બીલ્ડીંગ રીવેલ્યુએશન રીઝર્વ ફંડ** | | |
| ૨૯,૧૪,૦૦૦-૦૦ | આગળના વર્ષની બાકી | ૨૫,૩૧,૬૦૦-૦૦ | |
| ૩,૮૨,૪૦૦-૦૦ | બાદ : ઘસારા જોગવાઈ | ૧,૭૦,૦૦૦-૦૦ | ૨૩,૬૧,૬૦૦-૦૦ |
| | **સ્પે. BDDR ફંડ (કલમ ૬૭ એ મુજબ)** | | |
| ૪,૬૩,૨૦૭-૦૦ | આગળના વર્ષની બાકી | ૧૦,૫૭,૭૩૩-૦૦ | |
| ૫,૯૪,૫૨૬-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૯,૪૬,૪૬૩-૦૦ | ૨૦,૦૪,૧૯૬-૦૦ |
| | **સભાસદ કલ્યાણ ફંડ** | | |
| ૧૨,૮૫૫-૦૦ | આગળના વર્ષની બાકી | ૫૪,૩૪૨-૦૦ | |
| ૪૧,૪૮૭-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૧,૪૫,૬૬૬-૦૦ | ૨,૦૦,૦૦૮-૦૦ |
| | **ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ** | | |
| ૮,૫૭૦-૦૦ | આગળના વર્ષની બાકી | ૩૬,૨૨૮-૦૦ | |
| ૨૭,૬૫૮-૦૦ | ઉમેરો : નફાની ફાળવણી | ૯૭,૧૧૨-૦૦ | |
| ------- | ઉમેરો : ચાલુ વર્ષે કરેલ જોગવાઈ | ૨,૦૦,૦૦૦-૦૦ | ૩,૩૩,૩૪૦-૦૦ |
| ૩,૫૦,૦૮,૬૪૫-૪૨ | | | ૩,૬૮,૯૩,૮૮૮-૪૨ |

## પરિશિષ્ટ - ૨

| તા. ૩૧-૩-૨૦૧૨ રૂા. પૈસા | રોકાણો | તા. ૩૧-૩-૨૦૧૩ રૂા. પૈસા |
|---|---|---|
| ૧૫,૦૪૦-૦૦ | સહ સંસ્થાઓમાં શેર રોકાણ | ૧૫,૦૪૦-૦૦ |
| ૧૦,૪૩,૯૪,૧૫૫-૦૦ | સરકારી જામીનગીરી | ૧૨,૪૧,૨૫,૧૫૫-૦૦ |
| ૧૦,૪૪,૦૯,૧૯૫-૦૦ | | ૧૨,૪૧,૪૦,૧૯૫-૦૦ |

## પરિશિષ્ટ - ૩

| તા. ૩૧-૩-૨૦૧૨ રૂા. પૈસા | અન્ય ચાલુ મિલકતો | તા. ૩૧-૩-૨૦૧૩ રૂા. પૈસા |
|---|---|---|
| ૨,૧૮,૭૦૦-૦૦ | સ્ટેશનરી સ્ટોક | ૧,૫૯,૪૦૦-૦૦ |
| ૬૫,૦૧૩-૪૫ | દાવા ડીપોઝીટ | ૬૨,૨૪૬-૪૫ |
| ૨૫,૯૦૦-૦૦ | એડહેઝીવ સ્ટેમ્પ | ૪૦,૪૦૦-૦૦ |
| ૩૪,૮૩૪-૦૦ | મળવાનું બાકી લોકર્સ ભાડુ | ૨૫,૨૬૭-૦૦ |
| ૨,૭૭,૦૬,૨૫૦-૦૦ | અન્ય રોકાણો | ૨,૭૭,૦૬,૨૫૦-૦૦ |
| ૮,૭૨૯-૦૦ | ઈલેક્ટ્રીસીટી ડીપોઝીટ | ----- |
| ૨,૮૦,૫૯,૪૨૬-૪૫ | | ૨,૭૯,૯૩,૫૬૩-૪૫ |

## પરિશિષ્ટ - ૪

| તા. ૩૧-૩-૨૦૧૨ રૂા. પૈસા | અન્ય ખર્ચ | તા. ૩૧-૩-૨૦૧૩ રૂા. પૈસા |
|---|---|---|
| ૧,૨૧,૧૨૭-૦૦ | મુસાફરી ખર્ચ | ૮૭,૫૮૨-૦૦ |
| ૩,૧૯,૮૨૨-૦૦ | પરચુરણ ખર્ચ | ૨,૮૨,૫૮૧-૪૦ |
| ૧૩,૬૫૦-૦૦ | બુક બાઈન્ડીંગ ખર્ચ | ૧૧,૯૪૦-૦૦ |
| ૧,૦૫,૦૬૩-૦૦ | ચૂંટણી ખર્ચ | ૧૧,૦૦૨-૦૦ |
| ૨૫,૭૦૦-૦૦ | સભ્ય ફી લવાજમ ખર્ચ | ૩૫,૭૦૦-૦૦ |
| ૫૬,૯૭૫-૪૭ | કલીયરીંગ હાઉસ ખર્ચ | ૮૪,૩૪૫-૬૯ |
| ૫૨,૦૫૭-૦૦ | જનરલ સભા ખર્ચ | ૩૭,૦૧૭-૦૦ |
| ૧,૧૮,૩૬૦-૦૦ | કેલેન્ડર ખર્ચ | ૧,૧૫,૦૦૦-૦૦ |
| ૧,૧૬,૮૨૦-૦૦ | સર્વીસ ટેક્ષ ખર્ચ | ૧,૧૧,૭૨૧-૦૦ |
| ૫૬,૪૬૦-૦૦ | કર્મચારી તાલીમ અને કોન્ફરન્સ મીટીંગ ખર્ચ | ૧,૨૯,૦૭૬-૦૦ |
| ૯,૮૬,૦૩૪-૪૭ | | ૯,૦૫,૯૬૫-૦૯ |

## સભાસદોના હિતમાં ખાસ જરૂરી

૧. **બેંકમાંથી કરજ લેનારને :** માસિક હપ્તો દરેક માસની દસમી તારીખ સુધીમાં ભરવાનો હોય છે. આ હપ્તાઓ નિયમિત ભરાય તેની કાળજી રાખવી જોઈએ. તે માટે બેંકમાંથી નોટીસ મળવાની રાહ જોવી જોઈએ નહીં.

૨. **જામીન તથા કરજદારોને :** જામીન તથા દરેક કરજદારોએ ખાસ સમજવું જરૂરી છે કે જામીનનો પણ કરજદાર જેટલોજ વ્યક્તિગત રીતે જુદા જુદા તેમજ સંયુક્ત રીતે મુદ્દલ વ્યાજ તથા તે અંગે થતા તમામ ખર્ચ સહિતની કુલ બાકી રકમ માટે વખતસર વસુલાત આપવા બેંકને જવાબદાર છે. બેંક ધિરાણની બાબતમાં જેટલી ઉદાર છે તેટલી જ વસુલાત માટે કઠોર પણ થઈ શકે છે.

૩. **સભાસદોને :** આ આપણી જ બેંક છે. આપના બેંકીંગને લગતા તમામ વ્યવહારોને જેવા કે કરન્ટ, સેવિંગ્સ વગેરે ખાતા ચલાવવા, બહારગામ નાણાં મોકલવા વગેરે આ બેંક મારફતે કરવાનું આગ્રહ રાખો.

૪. દરેક ખાતેદારની રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની તમામ પ્રકારની થાપણો જેવી કે મુદતી થાપણ, સેવિંગ્સ, રીકરીંગ, કરન્ટ ખાતુ, દૈનિક બચત થાપણ વિગેરે વીમા યોજના હેઠળ સુરક્ષિત છે.

૫. આ બેંકને જાહેર ટ્રસ્ટની થાપણો સ્વીકારવા સરકારશ્રી તરફથી ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ મુજબ માન્યતા મળેલ છે.

## બેંકની વિશિષ્ટ સેવા

### ૧. દૈનિક બચત યોજના

નાના વેપારીઓ તથા વ્યવસાયિકો છે જેમને સમયનો અભાવ હોય તેમની પાસેથી બેંકના અધિકૃત એજન્ટો આ યોજના હેઠળ દૈનિક બચત એકઠી કરેલ છે. કુલ ૧૭ એજન્ટો હાલમાં કામ કરી રહ્યા છે. આ યોજનાને જનતાનો સારો આવકાર તથા સહકાર મળેલ છે.

### ૨. માસિક વ્યાજ ચુકવણી યોજના

પેન્શનરોને તેમજ વયોવૃદ્ધ વ્યક્તિઓ કે જેમને પોતાના નિર્વાહ માટે નાણાંની જરૂર રહે છે. તેમને બાંધી મુદતની થાપણો ઉપર માસિક વ્યાજ ચુકવવામાં આવે છે. ઉપરોક્ત બંને યોજના અંગે વિશેષ માહિતી બેંકના જે તે શાખાના બ્રાંચ મેનેજરો પાસેથી મળી રહે છે.

### ૩. વરિષ્ઠ નાગરિકો માટેની થાપણ યોજના

વરિષ્ઠ નાગરિકો માટેની ખાસ થાપણ યોજનામાં એક વર્ષની ઉપર કે તેથી વધુ મુદતની થાપણો ઉપર અર્ધો ટકો વધુ વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.

### ૪. માસિક રીકરીંગ યોજના

માસિક રીકરીંગ ખાતાઓ પણ ખોલવામાં આવે છે.

## આપના માટે

આ બેંકના સભાસદ તરીકે આપણે
યાદ રાખવાનું આ બેંકમાં
નુકશાનીનું ખાતુજ ન પડવુ જોઈએ

આ બેંકના ડીરેકટર્સ બોર્ડના સભ્યોએ યાદ રાખવાનું
તમે લોકોની થાપણના ટ્રસ્ટી છે,
અને આ બેંક એ માત્ર સેવાનું સાધન છે.

આ બેંકના ગ્રાહકોએ યાદ રાખવાનું
બેંક સાથેની લેવડ - દેવડ ખુબજ
ચોખ્ખી અને નિયમિત રાખવી જોઈએ.

આ બેંકના કર્મચારીએ યાદ રાખવાનું
બેંકનો વહીવટ ખુબજ કરકસરથી કરવાનો છે.
માયાળુ વર્તન બેંકની મૂડી બનશે.

## તા. ૧-૦૨-૨૦૧૩ થી અમલમાં આવતા થાપણના દરો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | દિવસથી | ૯૦ | દિવસ | ૭.૦૦ ટકા | |
| ૯૧ | દિવસથી | ૩૬૪ | દિવસ | ૮.૦૦ ટકા | સીનીયર સીટીઝન |
| ૧ | વર્ષથી વધુ | ૨ | વર્ષની અંદર | ૯.૦૦ ટકા | ૯.૫૦ ટકા |
| ૨ | વર્ષથી વધુ | | | ૯.૨૫ ટકા | ૯.૭૫ ટકા |

| ક્યુમ્યુલેટીવ થાપણ | | | |
|---|---|---|---|
| રૂા. | ૧૦૦૦-૦૦ ના | ૫૪ માસે | ૧૫૦૯-૦૦ |
| રૂા. | ૧૦૦૦-૦૦ ના | ૯૧ માસે | ૨૦૦૧-૦૦ |

રૂા. ૧૫ લાખ કે તેથી વધુની રકમ ૧ વર્ષ કે તેથી વધુ મુદત માટે ૦.૫૦ (અડધો) ટકો વધુ વ્યાજ આપવામાં આવશે. સીનીયર સીટીઝનનો લાભ ક્યુમ્યુલેટીવ થાપણમાં લાગુ પડશે. સીનીયર સીટીઝન જેમની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ અને તે અંગેનાં પુરાવા આપવાનાં રહેશે.

## તા. ૦૧-૦૫-૨૦૧૩ થી અમલમાં આવતા ધિરાણનાં વ્યાજનાં દરો નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| એન.એસ.સી. લોન | | ૧૪.૦૦ ટકા |
| એલ.આઈ.સી. લોન | | ૧૨.૦૦ ટકા |
| દાગીના લોન | | ૧૫.૦૦ ટકા |
| જાતજામીન લોન | | ૧૮.૦૦ ટકા |
| સ્થાવર મિલ્કત સામે લોન | | ૧૮.૦૦ ટકા |
| કેશ ક્રેડિટ | રૂા. ૫,૦૦,૦૦૦-૦૦ સુધી | ૧૪.૫૦ ટકા |
| | રૂા. ૫,૦૦,૦૦૦-૦૦ થી વધુ | ૧૫.૦૦ ટકા |
| એજ્યુકેશન લોન | | ૧૨.૦૦ ટકા |
| વાહન લોન | | ૧૪.૫૦ ટકા |
| મશીનરી લોન | | ૧૫.૦૦ ટકા |
| હાઉસીંગ લોન | | ૧૪.૦૦ ટકા |
| કોમર્શીયલ પ્રોપર્ટી પરચેઝ લોન | | ૧૫.૦૦ ટકા |

# પરિશિષ્ટ

| પેટા કાયદા નંબર | જુનો પેટા કાયદો | પેટા કાયદામાં સુધારો | સુધારા બાદ બનતો પેટા કાયદો | સુધારાનું કારણ |
|---|---|---|---|---|
| ૭ | **(૭) શેર કેપીટલ**<br>આ બેંકનું શેરભંડોળ રૂા. ૨,૦૦,૦૦,૦૦૦/- (અંકે બે કરોડ પુરા) રાખવામાં આવેલ છે. જે પૈકી રૂા. ૨૫/- ની કિંમતનો એક એવા ૮૦,૦૦૦ હજાર શેરોમાં તથા રૂા. ૧૦૦/- ની કિંમતનો એક એવા ૧,૮૦,૦૦૦/- શેરોમાં વહેંચવામાં આવશે.<br>નવા સભાસદોની અરજી આવ્યેથી રૂા. ૨૫/- નો શેર ઈસ્યુ કરવામાં આવશે નહીં. આ શેર ભંડોળ ડિરેક્ટરોની બોર્ડ વખતોવખત નક્કી કરે તે મુજબ સાધારણ સભાનો ઠરાવ કરવાથી અને રજીસ્ટ્રારશ્રીની મંજુરીને આધિન બેંકનું અધિકૃત શેરભંડોળ વખતોવખત વધારી શકાશે તેમજ અન્ય સભાસદોમાંથી શેરની રકમ પરત કરવાની માંગણી આવ્યેથી આપવામાં આવેલ શેરની રકમ પરત કરી શકાશે. કોઈપણ સહકારી વર્ષમાં અગાઉના વર્ષની ૩૧ મી માર્ચ સુધીમાં બેંકમાં કુલ ભરપાઈ થયેલ શેરભંડોળના ૧/૧૦ કરતાં વધુ રકમના શેરની રકમ પરત કરી શકાશે નહીં. | આ બેંકનું શેરભંડોળ રૂા. ૨,૦૦,૦૦,૦૦૦/- (અંકે બે કરોડ પુરા) ની જગ્યાએ રૂા. ૪,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂા. ૪ કરોડ પુરા) રાખવામાં આવેલ છે. જે પૈકી રૂા. ૨૫/- ની કિંમતનો એક એવા ૮૦,૦૦૦ હજાર શેરોમાં તથા રૂા. ૧૦૦/- ની કિંમતનો એક એવા ૩,૮૦,૦૦૦/- શેરોમાં વહેંચવામાં આવશે. ............<br>..................................<br>શેરની રકમ પરત કરી શકાશે નહીં. | **(૭) શેર કેપીટલ**<br>આ બેંકનું શેરભંડોળ રૂા. ૪,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂા. ૪ કરોડ પુરા) રાખવામાં આવેલ છે. જે પૈકી રૂા. ૨૫/- ની કિંમતનો એક એવા ૮૦,૦૦૦ હજાર શેરોમાં તથા રૂા. ૧૦૦/- ની કિંમતનો એક એવા ૩,૮૦,૦૦૦/- શેરોમાં વહેંચવામાં આવશે.<br>નવા સભાસદોની અરજી આવ્યેથી રૂા. ૨૫/- નો શેર ઈસ્યુ કરવામાં આવશે નહીં. આ શેર ભંડોળ ડિરેક્ટરોની બોર્ડ વખતોવખત નક્કી કરે તે મુજબ સાધારણ સભાનો ઠરાવ કરવાથી અને રજીસ્ટ્રારશ્રીની મંજુરીને આધિન બેંકનું અધિકૃત શેરભંડોળ વખતોવખત વધારી શકાશે તેમજ અન્ય સભાસદોમાંથી શેરની રકમ પરત કરવાની માંગણી આવ્યેથી આપવામાં આવેલ શેરની રકમ પરત કરી શકાશે. કોઈપણ સહકારી વર્ષમાં અગાઉના વર્ષની ૩૧ મી માર્ચ સુધીમાં બેંકમાં કુલ ભરપાઈ થયેલ શેરભંડોળના ૧/૧૦ કરતાં વધુ રકમના શેરની રકમ પરત કરી શકાશે નહીં. | શેર ભંડોળમાં વધારો કરવા માટે. |

# વર્ષ દરમ્યાનની ઝલક...



દિલ્હી મુકામે અર્જુન એવોર્ડ વિજેતા
શ્રીમાન જશપાલ રાણાના હસ્તે મધર ટેરેસા
શિરોમણી એવોર્ડ સ્વીકારતા શ્રી ગોપાળભાઈ ગોહીલ,
શ્રી શૈલેષભાઈ શાહ, શ્રી પરેશભાઈ અધ્વર્યુ
તથા શ્રી હેમાંશુ વૈદ્ય.




સાપુતારા મુકામે બેંક દ્વારા આયોજીત સહકાર
અને સંગઠન વિષય પર યોજવામાં આવેલ
કોન્ફરન્સમાં હાજર બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રીઓ
તથા કર્મચારીગણ.




વર્ષ ૨૦૧૩ ના કૃષિ મહોત્સવનું
બેંક દ્વારા કરવામાં આવેલ
આયોજન.




બેંક દ્વારા કર્મચારીઓ તથા દૈનિક બચત યોજનાના
એજન્ટોને KYC તથા AML બાબતનો ટ્રેનિંગ પ્રોગ્રામ
નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો.ઓપરેટીવ મેનેજમેન્ટ,
ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવેલ
તે સમારંભનું દીપપ્રાગટ્ય કરતા બેંકના હોદ્દેદારો.

પ્રિન્ટેડ મેટર

# ધી ગણદેવી પીપલ્સ કો. ઓ. બેંક લીમીટેડ ગણદેવી

**પોસ્ટ બોક્ષ નં. ૧૦, બજાર,**
**ગણદેવી, જિ. નવસારી.**
E-mail:gpcbank@ymail.com

પ્રતિશ્રી, ______________________

______________________

______________________

______________________

॥ મુદ્રક ॥
યશ ગ્રાફિક્સ, નવસારી.
મો. ૯૮૨૫૦ ૫૫૧૦૯